હીતેચ્છુના ગ્રાહકોને સને ૧૯૨૧ ની
ચોથી ભેટ.

શેઠ ગોપાળજી ખીમજી ભાટીયાનું જીવન વૃતાંત.

(દાણાબજારવાળા)

મુલ્ય અમુ

સુબોધિની પ્રેસ, બજારગેટ, કોટ, મુંબઇ.

હે ! લુહાણા બંધુઓ માત્ર સવારૂપરડીમાંજ કૉન્ફરન્સની યાત્રાનું અમૃતપાન કરવું હોય તો તૈયાર થાઓ.

પહેલી લુહાણા કૉન્ફરન્સની યાત્રા.

આ પુસ્તક સંબંધ કંઇ પણ નહી લખતાં એક-વાર વાંચવા ભલામણ કરીએ છીએ, કારણ તેની અંદર એવી બાબતો સમાવી છે કે. કૉન્ફરન્સનો લાભ લેનાર પણ ભાગ્યેજ જાણતા હોય. આવું અત્યુત્તમ પુસ્તક ઑગસ્ટ માસમાં બહાર પડશે માટે તાકીદે નામ નોંધાવો. ગ્રાહકો જેટલીજ નકલે છપાશે માટે પાછળથી નિરાશ થવું પડશે. કીંમત માત્ર સવા રૂપીઓ પોસ્ટ જુદું. પુસ્તક તૈયાર થયે વી. પી. થી મોકલશું.

કર્તા,

ભીખાભાઇ છોટાલાલ ચોધરી.

એડીટર—લુહાણા હીતેચ્છુ,
વડનગર-ગુજરાત.

લુહાણા હીતેચ્છુના ગ્રાહકોને સને ૧૯૧૧ ની ચોથી ભેટ,

દાહાણું નિવાશી લુહાણા શેઠ ગોપાળદાસ ખીમજીભાઈનું જીવન વૃતાંત.

લખનાર

વિદ્યાવિનોદી.

છપાવી પ્રસીદ્ધ કર્તા

ભીખાભાઈ છોટાલાલ ચોધરી.

તંત્રી લુહાણા હીતેચ્છુ

વડનગર ગુજરાત.

પ્રત ૧૦૦૦.

સંને ૧૯૧૧ સંવત ૧૯૬૭

"સુબોધિની" પ્રીન્ટીંગ પ્રેસ બજારગેટ મુંબઇ

મુલ્ય અમુલ્ય

વૈષ્ણવ બંધુઓને અતિ ઉપયોગી
શ્રીનાથજીનું પ્રાગટ્ય.

પ્રસ્તાવના.


આજ કાલ ઘણીજ જાતનાં પુસ્તકો બહાર પડે છે. પરંતુ ઉદારશીલ સદ્‌ગૃહસ્થોનાં જીવન ચરિત્રો ઘણાંજ અંધારામાં રહે છે. સને ૧૯૧૦ ના સપ્ટેમ્બર માસમાં મારા વાંચવામાં કેટલાક પેપરોમાં આવ્યું કે, દાહાણુમાં " સ્મશાન વિશ્રાંતિગૃહ " ખુલ્લુ મુકાયું અને તે ગૃહસ્થનું જીવન ચરીત્ર બહાર આવે તો ઘણુંજ સારૂં. તેથીતે લખવા મારી જીજ્ઞાસા થઇ પરંતુ તેવો સબબ કંઇ મળ્યો નહી. બાદ આઠ દશ મહીને એટલે મે ૧૯૧૧ ના અરસામાં વડનગરમાં પ્લેગ ચાલતો હોવાના સબબે પ્રવાસ કરવા જીજ્ઞાસા થઇ તે મુજબ અમદાવાદ દાહાણું મુંબઇ જવા ની-કળ્યો તે દરમીયાનમાં તા. ૨૩-૫-૧૧ ના રોજ સાંજે ફરવાજતાં દહાણુંમાં દરીઆ કીનારે " સ્મશાન વિશ્રાંતીગૃહ " નજરે પડયું આ બાબતની યાદ જે

વિસ્મૃત થઇ હતી તે તાજી થઇ અને તેજ જીવન ચરીત્ર લખવા માટે જીજ્ઞાસા થઇ. તેથી શેઠજીના નાના બન્ધુ છોટાલાલભાઇની મુલાકાત લઇ મહા પ્રયત્ન થી બાબતો મેળવી આ ટુંક જીવન વૃતાંત તૈયાર કર્યું છે. જોકે આની અંદર હજુ ઘણીજ બાબતો રહેલી હશે. પરંતુ જેટલી મલી તેટલી દાખલ કરી છે. અને આ પુસ્તક તૈયાર કર્યું છે. આ પુસ્તક તૈયાર કરવામાં મુરબ્બીથી છોટાલાલ ખીમજી ભાઇ અઢીયાએ જે અથાગ પરીશ્રમ લીધો છે. તે બદલ ઉપકાર માનું છું. અને આમાં કાંઇ ભુલચુક હોય તો ક્ષમા કરશોજી કારણ હું કંઈ વિદ્વાન કે કવિ નથી.

ચોધરી બ્રધર્સ.
મુંબઇ. નં. ૯
તા. ૨૫-૬-૧૧

લી. સેવક.
વિદ્યાવિનોદી.

શેઠજીના કુંટુંબની ટુંક વંશાવળી.



શેઠજીના કુટુંબની ટુંક વંશાવળીનીનોંટ.

ટીપ.

૧ ભગવાનદાસનો વંશ જુદો છે ને તે સુખી છે
૨ વંશ હૈયાત છે
૩ જીવરામનો વંશ હૈયાત છે,

જો તમારે સ્વદેશીનીહીમાયત સાથે સ્વધર્મ સાચવવો હોય તો. આપણાજ દેશના તેલથી **સાબુ બનાવવાનો હુન્નર** પાંચ આનાની ટીકીટો **મોકલી** મંગાવો આજેજ લખો.



શેઠ ગોપાળજી ખીમજી અઢીયા

દાહાણું નિવાસી શેઠ ગોપાળજી ખીમજી અઢિયાનું જીવન ચરીત્ર.

પ્રકરણ ૧ લું.

દાહાણુંમાં નીવાશ, સાધારણ સ્થીતી, પુર્વનું ટુંક વૃત્તાંત

ઉંબરાળા નામે કાઠિયાવાડમાં એક ગામ છે, ત્યાંથી ગોવંદજી સુંદરજી તથા શેઠ ભગવાનજી સુંદરજી અઢિયા કુટુંબના મુળ પુરૂષ વેપાર અર્થે દાહાણુંમાં આવ્યા હતા, તેમના સંબંધમાં વિશેષ માહીતી જુદી વંશાવલીમાં છે.

તે કુટુંબમાંજ ગોવંદજી શેઠના પુત્ર ખીમજી શેઠ થયા તેઓએ વેપાર કરી લાંબો પઇસો મેળવ્યો અને ગુમાવ્યો.

પ્રકરણ ૨ જું.

ગોપાલજી શેઠનો જન્મ અને અભ્યાસ.

ખીમજી શેઠને ૫ પુત્રો થયા. તેમાં શેઠ જગજીવનદાસ કે જેમના પુત્ર ગીરધરલાલના પુત્ર મોતીલાલ હયાત છે બીજા પુત્ર મુલજીભાઇ ને કાંઇ નથી ને પોતે પણ હયાત નથી. ત્રીજા પુત્ર ગોપાલજીભાઇ કે જેમના સંબંધમાં આપણે આગળ વધુ જોઇશું.

ચોથા પુત્ર દુલભજીભાઇ ને પણ કાંઇ નથી. ને પોતે પણ હયાત નથી અને પાંચમાં પુત્ર છોટાલાલભાઇ જેઓનો જન્મ સવંત ૧૯૧૭ ના જેઠ વદી દીવશે થયેલો તેમને હાલ ૨ પુત્રીઓ છે શેઠ ગો-

પાલજીનો જન્મ શંવત ૧૫૦૬ નાં ચઈતર વદ ૧૧ નો છે આ વખતે તેઓની સ્થીતી તદન ગરીબાવસ્થા હતી તેથી જોઇએ તેવો અભ્યાસ કરી શકવાની શકતી નહોતી છતાં બાર વરશની ઉમરે એક વર્ષ ગાંમઠી નીશાલનું ઉપયોગી શીક્ષણ લઇ નીરઉપાયે નીશાલ છોડવી પડી.

પ્રકરણ ૩ જું.

નોકરી લગ્ન અને વ્યાપાર.

ગોપાલજી શેઠે નીશાલ છોડી સંવત ૧૯૧૯ ની શાલમાં દરમાહા રૂ ૩ ત્રણનાં પગારમાં નોકરી રહ્યા. પરંતુ કુટુંબ સારૂં અને વખણાતું હોવાથી કુલની મમતાને લીધે સંવત ૧૯૨૧ ની સાલમાં શેઠજીનું ભાવનગર મુકામે ઠકર હરજીભાઇ ઝીણાભાઈ ની ભત્રીજી નંદુ બેન સાથે લગ્ન થયા. બાઇનાં શુભ પગલાં ને લીધે સંવત ૧૯૨૩ ની શાલમાં

પગાર દરવરશે રૂ ૭૫ હતો તે મુકી ઠકર ગોવંદજી કલ્યાણજીના ભાગમાં કાપડની દુકાન કરી ત્યાર બાદ સંવંત ૧૯૨૪ ની સાલમાં તે ભાગ. છોડી ઠકર મોતીલાલ દામોદર સાથે ભાગમાં જોડાયા ત્યાર બાદ સંવત ૧૯૨૫ ની સાલમાં મોટા ભાઇ જગજીવન દાસની સાથે ભાગમાં જોડાયા. આવીરીતે લગ્ન થયા પછી સેઠજીની સ્થીતી ઉત્તરોત્તર ચઢતી ગઇ અને ઠામ ઠામ માન વધતુ ગયું.

પ્રકરણ ૪ થું.

લુહાણા જ્ઞાતીમાં પતી હયાત છતાં પુનર્લગ્ન કરવાનો દુષ્ટ રીવાજ બંધ કરવા પરિશ્રમ અને ફતેહ ?

સંવત ૧૯૩૧ ની સાલમાં એક લુહાણા જ્ઞાતીનાં ગૃહસ્થની છોકરીનુ લગ્ન થયેલું. પરંતુ અણ બનાવને લીધે સાસરે નહી મોકલતાં બીજા ગૃહસ્થ

ની સાથે પુનર્લગ્ન કર્યું તેથી કેટલાક ગામના લુહાણા જ્ઞાતીના ગૃહસ્થો દાહાણુંમાં આવી પંચ ભેગું કરી એ બાબત સરવે ભાઇઓના મનનું સમાધાનં રહે અને આપણીં જ્ઞાતીમાં ફરી આવો ગેરવ્યાજબી રીવાજ જડ ગાલશે તો આપણી આગળ વધતી કોમને બહુજ નુકસાન લાગશે જેથી શેઠ ગોપાળજીભાઇએ સરવે જ્ઞાતી ગૃહસ્થોના મનનું સમાધાન કરી સદરહુ કેશ થાણા સેશન્સજજની કોરટે લઇ જઇ જ્ઞાતિનુ માન રહે તેવો નીકાલ થયો છે અને સદરહુ પુનર્લગ્ન કરનારને જ્ઞાતિમાંથી પણ યોગ્ય શાસન આપ્યું છે તેથી, શરવે ભાઇઓના મન ખુશ થઇ. માન સનમાન સાથે વિદાય થયા.

પ્રકરણ ૫ મું.

વગર પૈસે વેપાર નશીબનુ ફરવું પરમાત્માની કૃપા.

સંવત ૧૯૩૧ ની શાલમાં પોતે પોતાના નાનાભાઇ. છોટાલાલ ની સાથે મલીને પાસે પઇશો નહી હોવા છતાં કાપડના વેપારથી સુરૂવાત કરી. અને ત્યાર બાદ પાત્રાનો કંત્રાકટ તથા લાકડાના વ્યાપારથી સારાં ફાવ્યા અને પોતે થોડું ભણેલા છતાં પોતાની અક્કલ હુશયારીથી આગલ વધ્યા અને દીનપ્રતીદીન વધારો થતો ગયો અને સંવત ૧૯૩૪ ની સાલમાં દુકાળ પડયો તે વખતે જમીનો ઘણી સસ્તી ખરીદી કે જે જમીનો આજે એકની સો ગણી કીંમતની થઇ પડી છે. તેવામાં અચાનક સંવત ૧૯૩૬ નાં વૈશાખ શુદ ૧૪ ને દીવસે પીતા શ્રી ખીમજીભાઇનો સ્વર્ગવાસ થયો તે શેઠજીને ભારે ખોટ પડી પરંતુ પરમાત્મા આગળ કોઇનું ચાલતું નથી.

પ્રકરણ ૬ ઠ્ઠું.

પુત્ર પ્રાપ્તી અર્થે ચીંતા શેઠજીને વૈરાગ્ય. માતુશ્રી પોતીબાઈનું માતૃપ્રેમ.

શેઠનાં જુનાં પત્ની નંદુબાથી ૭ પુત્રો અને ૧ પુત્રી રત્ન થયાં. પરંતુ કોણ જાણે પરમાત્માને તે નહીં રૂચ્યું કે શું તેથી ફક્ત એકજ પુત્રી રહી. સાતે પુત્રોનું મર્ણ થયું જેથી શેઠજીને અત્યંત વૈરાગ ઉત્પન્ન થયો અને તેથી શેઠજીએ પોતે પોતાનો ધંધો છોડી તીર્થયાત્રાએ જવાનો વીચાર રાખ્યો અને બાકીનું પોતાનું જીવન પરમાર્થમાંજ ગાલવું તેવાં નીશ્ચય ઉપર આવ્યા પરંતુ માતુશ્રી પોતીબાઇને તે વીચાર પસંદ ન આવ્યો અને ઘણાજ માતૃપ્રેમથી ફરીવારનાં લગ્ન કરવાનો આગ્રહ કરયો. આ વખતે શેઠજીએ યોગવશીષ્ટ જેવાં પુસ્તકોવાંચવાં શરૂ કરયાં અને તેમાંજ કાળનિરગમન કરવા લાગ્યા. પરંતુ માતૃપ્રેમ આગળ તેમનું કાંઇ પણ ચાલ્યું નહીં.

પ્રકરણ ૭ મું.

નંદુ બેનનો પત્ની ધર્મ, છોટાલાલનો બંધુ ધર્મ અને શેઠજીનું ફરીવારનું લગ્ન.

નંદુ બહેન કે જે એક વીદુશી બેહેન છે તેઓએ પોતાના મનમાં વીચાર કરયો કે શેઠજીની ઉમર લગભગ ૪૦ વરસની થવા આવી અને વૈભવ પણ સારો છે છતાં પુત્ર નથી તો કદાચ બીજી સ્ત્રી મારા હાથે કરાવી શેઠજીને સુખી કરૂં તો સારૂં કેહવાય અને તોજ મારો પત્ની ધર્મ બજાવ્યો કેહવાય. શોકયોના ઝગડા ઘણી જગ્યાએ જોવામાં આવે છે છતાં મારૂં ગમે તે થાય પરંતુ શેઠને લગ્ન તો કરાવુંજ. આવો મનમાં નીશ્ચય કરયો અને શેઠજીને બોધ દેવા માંડયો. આ બાજુ શેઠજીની માતુશ્રીનો આગ્રહ અને તેથી પણ વીશેશ તેમના નાના ભાઇ છોટાલાલના અત્યાગ્રહને વશ થઈ શેઠજીને નીરઉપાયે ફરીવારનાં લગ્ન ભાવનગરના શેઠ પ્રેમજી

કેશવજીના પુત્રી નાથીબેન કે જે એક વીદુશી અને વિવેકી બેહેન છે તેમની સાથે સંવત ૧૯૪૪ ફાગણ વદ ૪ ના દીને થયાં. જો આ વખતે **નંદુબેને** તથા છોટાલાલભાઇએ તથા માતુશ્રીએ પોતપોતાનાં ધર્મો નહીં બજાવ્યા હોત તો આજે એક સંસારી તરીકે **શેઠજીનું** જીવનચરીત્ર લખવાનો પ્રસંગ આવ્યો છે તેવો ભાગ્યેજ આવત.

પ્રકરણ ૮ મું.

પરમાત્માની કૃપાથી પુત્રોની પ્રાપ્તી અને વંશનું વધવું.

શેઠજીનું ફરીવારનું લગ્ન થવાથી ટુંકજ અરસામાં પ્રથમનાં પત્ની **નંદુબાઇએ** સંવત ૧૯૪૪ ના આશો વદ ૫ ના દીને પૂત્રરત્નનો જન્મ આપ્યો કે જેથી આખા કુટુંબમાં ખુશાલી ફેલાઇ રહી. ત્યારબાદ બે પત્નીઓને પુત્ર તથા પુત્રીઓ થઇ તે જન્મતીથી સાથે નીચે પ્રમાણે.

મોંઘી બેન કે શેઠજીનાં બીજાં લગન થયા પહેલાં નંદુબેને જન્મ સંવત ૧૯૩૦ ના અશાડ વદ ૩ આપ્યો હતો.

ભાઇ મણીલાલનો જન્મ સંવત ૧૯૪૭ ના ચૈત્ર વદ ૧૨ નંદુબેને આપ્યો હતો.

નાથીબેનને થયલાં પુત્રો પુત્રીની વીગત.

બેન રાધાનો જન્મ સંવત ૧૯૪૫ ના વૈશાખ વદ ૧૩.

બેન નરમદાનો જન્મ સંવત ૧૯૪૮ ના પોસ વદ ૯.

વીઠલભાઇનો જન્મ સંવત ૧૯૪૯ ના શ્રાવણ વદ ૯.

બેન સુરજનો જન્મ સંવત ૧૯૫૧ ના ફાગણ વદ ૯.

પ્રાણજીવનભાઇનો જન્મ સંવત ૧૯૫૫ ના વૈશાખ વદ ૧૦.

આવી રીતે શેઠજીનું બોહોળું કુટુંબ આનંદમાં દીવસો નીરગમન કરવા લાગ્યું. તેટલામાં શેઠજીનાં **માતુશ્રી બાઇ પોતીબાઇ**નો સંવત ૧૯૪૫ ના વૈશાખ વદ ૪ ને દીવસે સ્વર્ગવાશ થયો તેથી શેઠજીને ભારે દીલગીરી થઇ. માતુશ્રી પોતે સુશીલ અને ગુણવાન હતાં તથા વૈદકનું સારૂં જ્ઞાન ધરાવતાં હતાં તથા ગુપ્તદાન ઘણુંજ કરતાં. તેથી આખા ગામમાં ભારે દીલગીરી ફેલાઇ.

પ્રકરણ ૯ મુ

મુંબઈના પહેલા પ્લેગ વખતે ઉઠાવેલી જેહેમત અને સંવત ૧૯૫૨ ના અર્ધ દુકાળમાં ઉદારતા, શેઠ દામોદરદાસ ભગવાનદાસની મદદ.

સંવત ૧૯૫૨ ના સાલમાં મુંબઇમાં પહેલવહેલો પ્લેગ શરૂ થયો, તે વખતે મુંબઇના કેટલાક આપણી જ્ઞાતીના ગૃહસ્થો દેહણું રહેવા આવ્યા તેમાં કેટલાક

ગૃહસ્થોને પોતાના મકાનો ઉઘાડી આપી જોઇતી સગવડો પુરી પાડી ભારે ઉદારતા બતાવી, ને તેજ વખતે વરસાદ થોડો થવાના કારણે અડધા દુકાળ જેવું હતું તેથી વેપારીઓ ચોખાની દરેક ગુણ ઉપર ભારે નફો લઇ વેચાણ કરતા અને તેથી ગરીબ લોકોનો મરો થતો તે વખતે મુંબઇવાલા શેઠ **દામોદરદાસ** ભગવાનદાસ દાહાણુંમાં આવેલા હતા. તે વખતે શેઠજીની સાથે મીત્રાચારીનો સંબંધ હતો તેવણ સાથે મલીને મુંબઇથી હલવાના ચોખાની ગુણો મંગાવી શેઠ પોતે પાસેરથી માંડીને એક મણ સુધી પડતર ભાવે ગરીબ લોકોને પુરા પાડતા. ને તેવી રીતે પચીસ હજાર રૂપીઆના ચોખા પડતર ભાવે વેચવામાં આવ્યા હતા અને વળી સામટાના બંદરમાં મજકુર શેઠ સાથે મળીને ગરીબ અનાથ લોકોને રાબ પાવાનું ચાલુ કરયું હતું. આ બદલ શેઠજી ભારે માનને પાત્ર છે.

પ્રકરણ ૧૦ મું.

સંવત ૧૯૫૬ ના દુકાળમાં બતાવેલી ભારે ઉદારતા અને છોટાલાલની બાહોશી.

સંવત ૧૯૫૬ ના સાલમાં જે ભારે દુકાળ હીંદમાં પડયો તે વખતે અન્ન વગર લોકો રસ્તે રખડતાં હતાં તેવામાં શેઠજી પોતાનાં ખેતરો ઉપર જઇ તપાસ કરતાં લોકો અન્ન વગર મરી જાય છે એવું જાણ્યાથી લાગણી અતીશે દુખાઇ. શેઠજીની સ્થીતી આ વખતે હાલના જેવી નહીં હતી પરંતુ સાધારણ હતી છતાં હીમત ધરી નાના બંધુ છોટાલાલની સાહયતાથી અને તેમના અનુમોદન થી શામટા બંદરમાં અન્નક્ષેત્ર શરૂ કરયું તેમાં થોડા થોડા કરતાં દરરોજ લગભગ બે હજારના આશરે માણસો આવીને એક વખત લાભ લેવા માંડયા. આવી રીતે વરસાદ આવતાં સુધી તે ચલાવ્યું. આ બાબતમાં કેટલાક

સદગૃહસ્થો તથા મીત્રો તરફથી શેઠને માન આપવાની તૈયારી થવા માંડી, પરંતુ શેઠજીએ તે (માન) નહી લેવાની દીલગીરી બતાવી જણાવ્યું કે મેં આમાં કાંઇ વીશેશ કરયું નથી. મેં માત્ર પોતાની ફરજ બજાવી છે. ત્યારબાદ સંવત ૧૯૫૭ ના સાલથી ભાઇ છોટાલાલ સાથનો વેપારનો સંબંધ છુટો કરયો.

પ્રકરણ ૧૧ મું.

મામાના પુત્રોને કોર્ટે ન જવા દેતાં મોટી રકમની વેહેંચણીનું બાહોશીથી સમાધાન.

સંવત ૧૯૬૧ ની સાલમાં મરહુમ મામા નાનજી વીરજી ભાવનગરવાલા સ્વર્ગવાશ થયા પછી તેમની બે લાખ રૂપીઆની દોલત વેહેંચવામાં આપશ આપશ માં કલેશ થયો અને એ કલેશ એટલા સુધી વધવા પામ્યો કે કોઇનું કહયું નહીં માનતાં કોર્ટે જવા વખત આવ્યો તેવામાં શેઠજીને તાર કરી બોલાવતાં

શેઠજીએ ત્યાં જઇ ઘણીજ બાહોશીથી અને યુકતી પુર્વક સમાધાન કરયું. ત્યારબાદ વળી વડીલોએ કાઢેલી ધરમાદાં રકમ બદલની શેરોના ભાવ વધવાથી પાછી તકરાર થઇ તે વખતે પણ શેઠજીએ ફરી વારના જઇ વકીલ દયાલજી કરશનજી સાથે મળી નીવેડો લાવ્યા અને ચારે ભાઇઓએ એક બીજા સાથે ખાવાપીવાનો વહેવાર બંધ કરયો હતો તે શરૂ કરાવ્યો.

પ્રકરણ ૧૨ મું.

કૃષ્ણલાલ તથા નરબદા બેન તથા મોંઘી બેનનાં લગ્ન પ્રસંગ અંને સુખી જોડાં.

પરમાત્માની કૃપા તેજ શુભ પગલાનું આવરણ હોય છે કૃષ્ણલાલનો જન્મ થયો તેજ પેહલાં શેઠજીના ફરીવારનાં લગનની કોશીશ થઇ અને જે દીવસે સગાઇ થઇ તેજ દીવસ પછી કહે છે કે

કૃષ્ણલાલનો ગર્ભવાશ થયો અને શેઠજીના લગ્ન થયા પછી એટલે શેઠાણી નાથીબેનનાં શુભ પગલાંથી ભાઇ કૃષ્ણલાલનો જન્મ થયો અને તેજ કૃષ્ણલાલને પાછો નાથીબેનને ખોળે બેસાડી આશીશ લીધી. આ વખતે આમ થવાનું કારણ માત્ર એટલુંજ કે જેવી રીતે આપણે ઠાકોરજી આગળ બાળકને મેલી આશીશ લઇએ છીએ તેવીજ રીતે બાળક નહીં જીવતાં હોવાથી આશીશ લીધી અને ત્યારબાદ વંશની વૃધ્ધી થઇ. મોંઘી બેનનાં લગ્ન. સંવત ૧૯૪૧ નાં જેઠ શુદ ૧૫ નાં રોજ દાહણુ નીવાસી શેઠ ગોવંદજી કલ્યાણજીનાં પુત્ર છોટાલાલ કે જેઓ વેપારનાં કાર્યમાં કુશળ છે તેઓની શાથે થયાં આ જોડુ આનંદમાં દીવશ નીરગમન કરે છે. લગ્નમાં વેવાઇને કોથલીનુ મ્હોં છોડવા ન દેતાં શઘળું ખર્ચ. શેઠજી એ પોતે કર્યું. ગોરની દક્ષણાપણ શેઠે આપી.

સંવત ૧૯૫૦ નાં માહા વદ ૬ ના દીવશે કૃષ્ણલાલનાં લગ્ન ઉંબરગાંમમાં ઠકર જીવણરાંમ કુબેરદાશની પુત્રી. ગુલાબ શાથે થયાં પરંતુ પરમાત્માની શેહેજ કરડી નજ‌ રને લીધે એક બાળ પુત્રી મુકી ગુલાબ બેન સ્વર્ગવાશ થયાં. તેથી. સંવત ૧૯૫૬ નાં માહા વદ ૯ના રોજ મુંબઇ નીવાસી ઠકર. ભવાનજી હરીભાઇનાં પુત્રી પાર્વતી. શાથે લગ્ન થયાં તે શુંખી જોડુ આજ સુધી આનંદમાં દીવશ નીરગમન કરે છે. નરબદા-બેનનાં લગ્ન સંવત ૧૯૫૦ નાં મહા વદ ૪ ના દીને મુંબઇનીવાસી શેઠ દામોદરદાસ ભગવાનદાસનાં પુત્ર દુવારકાદાશ. કે જે એક વેપારી લાઇનમાં કાબેલ અને હોસીઆર છે. તેઓની શાથે થયાં. આ જોડુ પણ સુખી છે આ લગ્નમાં પણ વેવાઇને કોથલીનું મ્હો છોડવા ન દેતાં શધળું ખર્ચ શેઠજીએ પોતે કર્યું ગોરનુ દક્ષણાપણ પોતે આપી

પ્રકરણ ૧૩ મું.

મણીભાઇનાં શુભ લગ્ન.

વીઠલભાઇ તથા શુરજ બેનનાં લગ્ન કે અગન !

મણીભાઇનાં લગ્ન. સંવત ૧૯૬૩ ના વૈશાખની શુદ ૮ ને દીવશે. ઠકર છોટાલાલ ઝવેરદાશનાં ભાણેજ તાપી બેન સાથે ભારે ધામધુમથી થયાં અને તે શુખી જોડાને એક પુત્ર રમણીકલાલ અને એક પુત્રી શાથેઆનંદ કરે છે અને માતુશ્રી નંદુ બેનને અતી આનંદ આપે છે.

" પરમાત્માની જયારે કૃપા હોએ છે ત્યારે સઘલુ આપણને શારૂજ લાગે છે પરંતુ આપણામાં કેહેવત છે કે માણુશ ધારે છે શું અને પરમાત્મા કરે છે શું. તે મુજબ ભાઇ વીઠલદાશનાં લગ્ન જે અગન રૂપ થઇ પડયાં તે સંવત ૧૯૬૩ નાં વૈશાક વદ

૨ ને દીવશે દાહાણુ નીવાસી શેઠ. ગોપાલજી ગીરધરદાસની શુસીળ અને સ્વધર્મપરાયણ પુત્રી ચતુર લક્ષ્મી બેન શાથે થયાં. પરંતુ પરમાત્માની અવ કૃપાને લાધે આ જોડુ શુખી રહી શકયુ નહીં અને ભાઇ વીઠલદાશનો સ્વર્ગવાશ થવાથી અશાન્નનાં વખતમાં જે રીતે શતીઓ પતીની પાછળ બલી મરતી હતી તે રીવાજ જોકે. કૃપાળુ શરકારે બંધ કરયો છે પરંતુ બેન ચતુર લક્ષ્મી કે જે વીદવાન અને ધર્મ પરાયણ હતાં અને પતી શેવામાં શદા જેનુ ધ્યાન રહેતું હતુ તેઓએ પતી પાછળ ઝુરી ઝુરી વીયોગમાં આખર સંવત ૧૯૬૭ ના કાર્તીક શુદ ૧૧ જેવાં પવીત્ર દીવશે પોતાના પતીની શેવામાં ૪ વર્ષ હાજર થવાને માટે આફાની દુનીયાનો ત્યાંગ કરી સીધાવ્યાં હે? હીંદ માતાં આવા બાળકોનો જન્મ તુ શદા આપ્ય.

શુરજ બેનનાં સંવત ૧૯૬૩ નાં વૈશાક શુદ ૧૩ ના દીવશે મુંબઇ નીવ.સાં શેઠ શુખડવાળાના કુટુંબમાં સેઠ ગોપાલજી કલ્યાણજીનાં પુત્ર જેરામભાઇ જે પણ ઇંગરેજી ગુજરાતી શંસ્કૃત શારૂ ગ્નાન ધરાવતા હતા તેમના શાથે થયાં. આ લગન માટે મુંબઇના આપણા જાણીતા. ગ્નાતિબંધુ રા૦ દામોદરદાશ ગોવર્ધનદાશ સુખડવાલા. જે. પી. પોતાના વૈશાક શુદી ૧૩ ને શનીવાર તા. ૨૫-૫ ૧૯૦૭ ના દીને દાહાણુ ખાતે આવ્યા હતાં તેઓ ત્યાં બે દીવશ રહયા હતાં તેમનાં ઉતારામાટે શેઠે ગોપાલજીભાઇએ પોતાનો બંગલો આપ્યો હતો તેમજ રા૦ દામોદરે ભાઇને લાયકની સર્વ રીતની સગવડ બહુ ઉત્તમ પ્રકારની રાખી હતી તા ૨૬-૫-૧૯૦૭ ને રવીવારે બપોર પછી રા૦ નરોતમદાશ લાલજી અઢીયાને ત્યાંથી દુધ-ચાહા લઇ મુંબઇની આર્યન એજયુકેશનલ સોસાઇટી હસ્તક ચાલતી ઇંગ્રેજી હાઇ સ્કુ

લની મુલાકાતે રા૦ દામોદરદાશ ભાઇ ગયા હતા તે સમયે એક સારો મેલાવડો કરવામાં આવ્યો હતો જેનું પ્રમુખસ્થાન દાહાણુના રાવસાહેબ મામલતદાંરને આપવામાં આવ્યુ હતું રા ગોવર્દ્ધનદાશ લાલજી અઠીયા ભાવનગરના માજી મ્યુનીસિપાલ સેક્રેટરી અને હાલના ધી ઇન્ડીયન સ્પેસીઍકના શ્રાફ રા ત્રીભુવનદાશ ખુશાલદાશ પોપટ નામદાર દાજીઆબાજી ખરે બી એ એલ એલ બી વીગેરે શદગૃહસ્થોએ પ્રશંશાનુસાર ભાષણો આપ્યાં હતાં જે બાદ રા સુખડવાલા તરફથી વીદારથીઓ પાસે ગીતો ગવડાવીને પુસ્તકો અને મેવાનાં પડીકાં વેહેચી આપવામાં આવ્યાં હતાં ત્યારબાદ રા૦ દામોદરદાસે ત્યાંની કસરત શાળાની મુલાકાત લીધી હતી ત્યાં છોકરાંઓએ કેટલીક કસરતો કરી બતાવી હતી જેવા કે પગબંધ, ઘટ ફોડણ, વીગેરે. ત્યાં આગલ રા૦ દામોદરદાસે પોતે પણ એક બે જાતની કસરતની રીતી.

છોકરાઓને કરી બતાવી હતી તે કસરતમાં સારો ભાગ કરી બતાવનાર ૪ ચાર છોકરાઓને દરેકને એક એક રૂપીઓ બક્ષીસ આપીને તેઓએ કસરત શાળાને રૂ ૧૦) દશની ભેટ કરી હતી બીજે દીવશે. એટલે સોમવારે સવારના સરકારી નીશાળની મુલાકાત લઈ છોકરાં છોકરીઓને ભેગાં કરી. છોકરાઓને ચોપડીઓ તથા છોકરીઓને ઓઢણીઓ ખાંડ-મેવાના દડીઆ અને રોકડ ઈનામો આપ્યાં હતાં બાદ દાહાણુનેટીવ જનરલ લાઇબ્રેરીની મુલાકાત લઇ તે સંસ્થાને રૂ ૧૦૧) ની મદત કરી હતી. તેજ દીવશે રા. દામોદરભાઇનાં ખાસ માનાર્થે ચોધારી લોહાણા મંડળનો મેલવડો રા. ગોવંદજી કલ્યાણજીના મકાનમાં કરવામાં આવ્યો હતો જે સમયે. જ્ઞાતી બંધુઓની સારી સંખ્યા ઉપરાંત ગાંમના સંભાવીત ગૃહસ્થોએ પણ સારો ભાગ લીધો હતો. રા. ગોવર્ધન લાલજી અઢિયા રા. પ્રેમજી લક્ષ્મ પોંદાણુ રા.

જગજીવનદાશ ગીરાભાઇ વીગેરે એ જ્ઞાતી સંબંધી કેટલુંક વીવેચન કરયા બાદ રા. દામોદરદાશ ભાઇએ જ્ઞાતીમાં ચાલતાં કેટલાંક કઢંગા રીવાજો બંધ કરવાની વ્યાપારી રીતી અને કેલવણીને ઉતેજન આપવાની ગરીબ છોકરાંઓને મદત મલે, એવી ગોઠવણ કરવાની વીગેરે ભલામણ કરી દહાણુંના જ્ઞાતીબંધુઓને ઉત્તમ બોધ આપ્યો હતો. બાદ રા. હરજીવંનદાશ મેઘજી મુંબઇવાલાએ દાહાણુંમાં શમશાન ભુમી થવા સંબંધે દરખાસ્ત કરતાં જો તેમ થાયે તો રૂ ૧૦૧) એકશોને એક. રા. સુખડવાલાએ ભરી આપવાની પોતાની મરજી જણાવી હતી છેવટે જ્ઞાતી બંધુઓ તરફથી પોતાને મલેલા માનનો રા. દામોદરદાસભાઇએ ઉપકાર માન્યો હતો જે બાદ મેલાવડો વીસર્જન થયો હતો. ત્યાર બાદ. રા દામોદરદાશ. રા નરોતમદાશ ગીરધરદાશ તન્નાને ઘરે પાંન ગુલાબ લેવાને પધારયા હતાં જયાંથી રા

નરોત્તમદાશના નાલીયેરી બાગમાં ફરવા ગયાં હતાં સોમવારે રાત્રે રા દામોદરદાસ મુંબઇ તરફ વીદાય થયા હતાં તે વખતે પણ તેમને ગામમાંને સ્ટેશનપર જ્ઞાતી બંધુઓ તરફથી સારો સત્કાર કરવામાં આવ્યો હતો એ જોડું જો પરમાત્માએ અમર રાખ્યુ હોત તો હમો ધારીએ છીએ કે બન્ને આજે આપણે એક વીદવાનની પંકતીમાં ગણી શકત પરંતુ કુદરતની અવકૃપાને લીધે આ જોડાને સંવત ૧૯૬૫ નાં ચૈત્ર સુધી ૧૪ ને દીવશે એકદમ ક્રૂર કાળે છીન: ભીન: કરી નાંખ્યુ અને શુરજ બેનને આ શંસારમાં શાધન રહીત કરી મુકયાં. કે જે બેન એક વીદવાન અને સ્વધર્મ પરાયણ છે આ વાંચી કોનુ કાળજુ કઠણ રહી શકશે. આટલા બધાં શેઠનાં શુખ વઇભવમાં આવા કારી ઘા ઓછા નહીં ગણાય.

રાધા બેન કે જેઓને શુરતમાં શેઠ વીરજભુખણ-દાશ દયારાંમના પુત્ર. ભુખણદાશ. કે જેઓ એક વેપારી લાઇનમાં કુશલ છે તેઓસાથે થયાં. તેમને એક પુત્રી છે. આ જોડુ અત્યારે ઘણીજ શુખી હાલતમાં છે પરમાત્માં શદા શર્વદા એ જોડાંને શુખી રાખે.

પ્રકરણ ૧૪ મું.

પુત્ર મર્ણ નો કારીઘા પડના પર પાડુકે સુરજ બેનનુ વીધવા થવું.

પરમાત્મા કે કુદરતનો કાંઇ અજબ નીયમ છે કે કોઇને પણ સર્વ વાતે સુખી રહી શકાતું. નથી અને મનુષ્યમાત્રને માથે એક દુ:ખતો આવીજ પડે છે આ વખતે શેઠ શંપુરણ સુખ અને વૈભવમાં ગીરફતાર હતા પરંતુ પરમાત્માને તે બીલ-કુલ રૂચ્યુ નહી. તેથી એકદમ કુર કાળને શેઠજીને

દુ:ખી કરવા પરમાત્માએ હુકમ આપ્યો અને શંવત ૧૯૬૪ ના વૈશાકશુદ ૯ નો દીવસ શેઠજીને કાળ સમાન લાગ્યો કે ખરા મધ્યાન્હકાળે વીકલભાઇ જેવા એક ગુણીયળ પુત્રનુ જેવીરીતે શાયંકાળે સુર્ય એકદમ નભમાં પેસી જાય છે તેવીજ રીતે હરણ કર્યું. તે વખતના શેઠજીનાં તથા માતુશ્રી નાથી બેન તથા નદુબેનનાં કલ્પાંતે આખા દેહણને શોગ શાગરમાં ડુબાડી દીધું અને આખા ગાંમમાં હાહા કાર વરતાઇ રહયો કે શેઠજી શર્વવાતે સુખી ગણાતા તેમને આ દુ:ખનુ અચાનક વાદળ પડયું તે પણ. દુ:ખ પરમાત્માને ઓછું શું લાગ્યું કે તેથી પડતાપર પાટુ **સુરજ બેનના** પતી જે પ્રખ્યાત **શુખડવાલા** કુટુંબનાં એક વીદવાન હતા તેઓને પણ પરમાત્માના ક્રૂર કાળે ભાઇનાં મરણથી દુ:ખી થએતી બેહનની. દયા લાવ્યા શીવાય ખેચી લઇ એક અનાથ શુશીલ વીદવાન શુરજ બેનને વીધવા

અવસ્થામાં મુકી આથી શેઠજીને વધુ દુઃખ થયું અને તેના શોકમાં દીવશો નીરગમન કરવા લાગ્યા. અને પોતાના પુત્રના સ્મરણાર્થે કાંઇક કરવુ એવા વીચારોને અમલમાં મુકવા નીશ્ચય કરયો પુત્ર વીઠલભાઇ સ્વર્ગવાશ થયા તે વખતે ઉનાળાનાં ખરા તાપમાં મધ્યાનકાળે સ્મશાનમાં જવા વખત આવેલો તે વખતે ત્યાં કોઇપણ ઝાડ કે વીશ્રાંતીની જગ્યો ન હોવાથી એક મકાન બંધાવવા વીચાર કરી શુરૂઆત હતી.

પ્રકરણ ૧૫ મું.

પુત્ર સ્મર્ણાર્થ સ્મશાન વિશ્રાંતી ગૃહ અને જાહેર પેપરોના અભીપ્રાયો.

સ્મશાનનું વીશ્રાંતી ગૃહ બંધાવવુ શુરૂ કરી સંવત ૧૯૬૫ ની શાલમાં તે ખુલ્લુ મુકયું આ વીશ્રાંતી ગૃહ અમારૂ નજરે જોયેલું છે તેની અંદર લાઇબ્રેરી તથા લાકડા ભરવાની વખાર તથા બેશવા ઉઠવાની

ઘણીજ શારી શગવડ કરેલી છે આવું સ્મશાન ગૃહ દરેકે દરેક ગાંમમાં જો થાય તો અત્યુત્તમ શાથે એક ભારે પુન્યનુ કાંમ છે અને દરેક બંધુઓને આ શેઠજીનું અનુકરણુ કરવા હું નમૃતાપુર્વક વીનંતી કરૂછું તે એ અઢી હજાર રૂપીઆ શુધીનાં ખર્ચનો અડશટો ગણાય છે તેમજ લાકડા માટે અગવડો ભોગવની પંડતી હતી તે અગવડ પણ શેઠજીએ દુર કરી છે અને તે લાકડાની વખાર પણ શાથેજ રાખી છે અને અમારા શાંભલવા પ્રમાણે હજુ પણ કેટલોક સુધારો વધારો થનાર છે વીશ્રાંતી ગૃહ ખુલ્લુ મુકાઇ ગાંમનાં માંઝનને શોપવામાં આવ્યુ આ સ્મશાન ગૃહ માટે જમીન કૃપાલુ સરકારે મફત આપી છે. તે વખતે થયેલાં ભાષણો તથા જુદા જુદા ,પેપરોએ લાધેલા હેવાલો તે નીચે મુજબ.

(પેપરોનાં હેવાલો)

દાહાણુમાં સ્મશાન વિશ્રામ સ્થળ—દાહાણુંના આગેવાન લુહાણા જ્ઞાતિના અઢિયા કુટુંબના એક

ગૃહસ્થ મી૦ ગોપાલજી ખીમજી અઢિયાએ પોતાના પુત્ર મરહુમ વીઠલના પુન્યાર્થે દાહાણુની સ્માશાનભુમીમાં, દાધુઓની વિશ્રાંતિ માટે એક સ્માશાન વિશ્રામ સ્થળ રૂપિયા બેથી અઢી હજારને ખરચે બાંધીને ખુલ્લું મુક્યું છે, અને તેની દેખરેખ અત્યાર સુધી તેઓ પોતે ચલાવતા હતા, પણ હાલ તે માટે તેઓએ એક કમિટી નીમી છે તે વિશ્રામ સ્થળને લગતો એક લાયબ્રેરી હોલ પણ તેઓએ કહાડ્યો છે તેમાં મુંબઇવાળા મી૦ દામોદરદાસ ગોરધનદાસ સુખડવાળાએ કેટલાંક પુસ્તકો ભેટ તરીકે મોકલી આપ્યાં છે વિશ્રામસ્થળમાં લાકડાંની વખારની તથા લાયબ્રેરી વગેરેની વ્યવસ્થામાં બાધ ન આવે તે માટે પંચ તરફથી એક ફંડ ઉઘાડવામાં આવ્યું છે જેમાં રૂ ૨૬૧ ભરાઇ ગયા છે.

ગુજરાતી તા. ૪ સપ્ટેમ્બર ૧૯૧૦

समुद्रकिनारीं प्रेत दहन करण्याचें ठिकाणीं सर्व

नागा उघडी मैदान असून झाडोरा बिलकूल नाहीं. यामुळें प्रेतयात्रेस जाणारे लोकांस ऊन पाऊस व वारा यापासून मनस्वी त्रास होत असे. पण येथील सुप्रसिद्ध श्रीमान व्यापारी शेट गोपाळजी खीमजी ठक्कर यांचे करवीं एक भव्य स्मशानगृह बांधविण्यांत आल्यामुळें लोकांवर फार उपकार झाले आहे. हे स्मशांन विश्रांति गृह शेट गोपाळजी खीमजी यांनीं कै. विठलदास यांचें स्मारक ह्मणून बांधले आहे.

सदर्हु बांधलेलें स्मशान विश्रांती गृह ता. २६ ८–१० रोजीं महाजनांचे ताब्यांत दिलें व पांच जातीचे पंच नेमुन महाजन मंडळीनें गृह आपले ताब्येंत घेतलें.

હિંદુ પ્રકાશ તા. ૨ સપ્ટેમ્બર ૧૯૧૦

દાહાણું સ્મશાન વીશ્રામ સ્થળ.

દાહાણુંથી એક ગ્રહસ્થ અમને તા૦ ૨૯ મી ઓગષ્ટનાં પત્રમાં લખી જણાવે છે કે, દાહાણું ગામની હીંદુ પ્રજા જેની જરૂરીયાત ધારતી હતી અને સવાલ વરસો થયાં ચોલાયાં કરતો હતો તે દાહાણુંનાં આગેવાન લુહાણા ન્યાતીના અઢિયા કુટું-બના એક ગ્રહસ્થ રા૦ શેઠ ગોપાલજી ખીમજી અઢિયાએ પુરો પાડયો છે. શેઠ ગોપાલજી બીમજી અઢીયા એક સાહસીક અને પરોપકારી નર છે એમનું જન્મ ચરીત્ર લખાય તો ઘણી બાબતોનો અનુભવ પ્રગટ થાય પરંતું ટુંકમાં લખવાનું કે એક ગરીબ માતુ પીતાને ત્યાં જન્મ લઇ બાલ્યાવસ્થામાં ત્રણ રૂપરડીની નોકરીથી વધી સ્વબળે ને સાહસ વરતીથી વેપારમાં ઝીપલાવી તેઓએ આગેવાન ગ્રહ-સ્થમાં પોતાની ગણત્રી કરાવી છે છાપ્પનીયાના દુષ-કાળ સમયે આખ્ખુ વરસ એમણે આ તરફના

અનાથ ગરીબોનું અંનદાન અને વસ્ત્ર દાનથી પોષણ કરયું હતું અને તે બદલ સરકાર તરફથી એમને બદલો મળતો હતો તે પણ તેમણે સ્વીકારયો ન હતો લક્ષ્મીની સંપુરણ કૃપા થઇ પુત્ર પરીવાર વીગેરે સરવ રીતે સુખી ગણાવવા લાગ્યા પરતું સરવ વાતે પ્રાણી માત્રને ઇશ્વર સુખ રહેવા દેતો નથી તેમ શેઠ ગોપાલજીને પણ થયું અને ગયા સંવત ૧૯૬૪ ના વઇશાખ શુદ ૯ ને દીને તેમના પુત્ર વીઠલ સ્વરગસ્થ થયા તેમને માટે આહારીધા ગણાય પુત્ર વીઠલના સમણારથે શું "કરતું એને' વીચાર કરી દાહાણુંની પ્રજાને જે વાતની જરૂરીયાત જણાતી હતી તે સ્મશાન વીશ્રાંમ સ્થળ' બંધાવ્યું તે પહેલા હીંદુ લોકો ટાઢ, તડકો ને વરસાદમાં અતીશય હેરાનગતી ભોગવતા હતા આ 'સ્મશાન વીશ્રાંમ સ્થળ' પુત્ર વીઠલના સ્મર્ણારથે સંવત ૧૯૬૫ ના વઇશાક શુદ ૯ ને દીને રૂપીયા એ અઢી હજાર

ખરચી જાહેરને માટે ખુલ્લું મુકયું એટલુંજ નહી પણ તયાર બાદ સરપણની વખાર ભરી રાખી તે સંબંધીનું તમામ્ કામ આજ સુધી પોતાને ખરચે જાતી દેખરેખે ચલાવ્યું.

ગઇ મીતી શ્રાવણ વદ ૯ ને દીને અત્રેના શ્રી લક્ષ્મી નારાયણનાં મંદીરમાં રા૦ રા૦ દીનકર સખારામ કરણીકના પ્રમુખપણાં નીચે એક સભા શેઠ ગોપાળજીએ બોલાવી હતી તેમાં દાહાણું ગામના હીંદુ ન્યાતીના તમામ લોકોએ હાજરી આપી હતી. શેઠ ગોપાળજીએ હીંદુ મહાજન સમક્ષ 'સ્મશાન વીશ્રામ સ્થળ' ની વ્યવસ્થા સંબંધે તમામ હકીકત કહી અને તેવી વ્યવસ્થા ચીરકાળ રહેવા માટે હીંદુ ન્યાતીના મહાજન સમસ્તને સંસ્થાની વ્યવસ્થાનો તાબો લેવા વીનંતી કરી, એક ભાશણ કરયું હતું. ભાશણ કરતાં કરતાં સ્વર્ગસ્થ પુત્ર વીઠલનું સ્મરણ થતાં શેઠ ગોપાળજીનો કંઠ રૂંધાઇ ગયો અને આં-

ખોમાંથી આશરૂઓ વહેવા લાગયાં પીતાને માટે પુત્ર શોક બહુ દુ:ખદાએ છે શેઠ ગોપાળજીનું અપુર્ણું ભાષણ તેમના બંધુ છોટાલાલે પુરૂં કરયું તયાર બાદ પરશરામ વામન ફાટકે, વાજબી રીતે શેઠ ગોપાળજીના કૃત્યને વખાણયું હતું અને શેઠ ગોપાળજીને થએલા ખેદનું શાંતવન કરતાં જણાવ્યુ કે પ્રાણી માત્રને માટે તે યાત્રા સરજેલીજ છે કોઇ વહેલું કે કોઇ મોડું તે યાત્રાએ જવાનું છે વગેરે. તયાર બાદ સમશાન વીશ્રામ સ્થળની વ્યવસ્થા રૈહેવા માટે પંચની નીમણુક થઇ હતી તેમાં પોતાની હયાતી શુધી શેઠ ગોપાલજી ખીમજી અઢીઆ (તેમની હયાતી બાદ તેમના વંશમાં વંશપરંપરા વડો હોય તે) અને એક વરશ માટે રા૦ લક્ષ્માણ હરજીવન અઢીઆ રા૦ ગોવીંદ વામન ફાટક ડાકટર, રા૦ બલવંત હરી નાયણે, રા૦ જયદેવ ગોપાલ માવલે, અને શા૦ જીવરાજ મેઘરાજની પંચ તરીકે નીમણુક થઇ હતી

અને તેમને સરવ વ્યવસ્થા સોંપાણી હતી તે વીશ્રામ સ્થલને લગતો એક લાયબ્રેરી હોલ શેઠ ગોપાલજી તરફથી કાઢવામાં આવ્યો છે તેમાં મુંબઇના રહીશ પરોપકારી ગ્રહસ્થ શ્રીમાન શેઠ દામોદરદાશ ગોવરધનદાશ સુખડવાલાએ પુસ્તકોની ઠીક સંખ્યા ભેટ તરીકે આપેલી છે. "સ્મશાન વીશ્રામ સ્થળમાં" લાકડાની વખારની, લાઇબ્રેરીના, વગેરેની બ્યવસ્થા ચલાવવામાં કાંઇ બાધ ન આવે માટે પંચ તરફથી એક ફંડ ખુલ્લું મુકાયુ છે તેમાં હાલ નીચે મુજબ રકમો ભરાવી છે.

રૂ. ૫૧) શેઠ ગોપાલજી ખીમજી અઢીઆ, ૨૫) વીસા ઓશવાળ ન્યાતી તરફથી, ૬૧) દાહાણુના લુહાણાની ન્યાત સમસ્ત, ૨૦) દક્ષણી બ્રાહ્મણ મંડળી તરફથી, ૫૧) કાયસ્થ પ્રભુની ન્યાતી તરફથી, ૩) માવલે કુટુંબ તરફથી.

તે ઉપરાંત બાકી રહેલ હીંદુ ન્યાતી તરફથી ફંડમાં ઉમેરો થનાર છે. બાદ સભામાં કેટલીક ચરચા થયા બાદ સભા વીસરજન થઇ હતી.

અખબારે સોદાગર તા. ૧ સપ્ટેમ્બર ૧૯૧૦

દાહાણુંની ખબરો.

દાહાણું, તા૦ ૨૯ મી આગસ્ટ

દાહાણું ગામની હીંદુ પ્રજા-જેની જરૂરયાત ધારતી હતી અને સવાલ વરસો થયાં ધોળાયાં કરતો હતો તે દાહાણુંના આગેવાન લુહાણા ન્યાતીના અઢીયા કુટુંબના એક ગ્રહસ્થ મી૦ ગોપાળજી ખીમજી અઢીયાએ પુરો પાડયો છે. મી૦ ગોપાળજી ખીમજી અઢીઆ એક સાહાસીક અને પરોપકારી નર છે. છપનીયાંના દુષ્કાળ સમયે આખું વરસ એમણે આ તરફના અનાથ ગરીબોનું અંનદાન અને વસ્ત્રદાનથી પોષણ કરયું હતું અને તે બદલ સરકાર તરફથી

એમને બદલો મળતો હતો તે પણ તેમણે સ્વીકારયો ન હતો. ગયા સંવત ૧૯૮૪ ના વઇશાક શુદ ૯ ને દીને તેમના પુત્ર વીઠલ સ્વર્ગસ્થ થયા. તેમની યાંદગારીમાં દાહાણુંની પ્રજાને જે વાતની જરૂરીયાત' જણાતી હતી તે' સ્મશાન વીશ્રામ સ્થળ ' બંધાવ્યું. તે પહેલાં હીંદુ લોકો તહાડ, તડકો ને વરસાદમાં અતીશય હેરાનગતી ભોગવતા હતા આ ' સ્મશાન વીશ્રામ સ્થળ ' પુત્ર વીઠલના સ્મરણારથે સંવત ૧૯૮૫ ના વૈશાક શુદ ૯ ને દીને રૂપયા બે અઢી હજાર ખરચી જાહેરને માટે ખુલ્લું મુકયું ત્યારબાદ શરપણની વખાર ભરી રાખી તે સંબંધીનું તમામ કામ આજ સુધી પોતાને ખરચે જાતી દેખરેખે ચલાવ્યું. ગઈ મીતી શ્રાવણ વદ ૬ દીને અત્રેના શ્રી લક્ષ્મીનારાયણના મંદીરમાં રા૦ રા૦ દીનકર સખારામ કરણીકના પ્રમુખપણા નીચે એક સભા મી૦ ગોપાળજીએ બોલાવી હતી તેમાં દાહાણું ગામના

હીંદુ ન્યાતીનાં તમામ લોકોએ હાજરી આપી હતી મી૦ ગોપાળજીએ હીંદુ મહાજન સમક્ષ 'સ્મશાન વીશ્રામ સ્થળ' ની વ્યવસ્થા સંબંધે તમામ હકીકત કહી અને તેવી વ્યવસ્થા ચીરકાળ રહેવા માટે હીંદુ ન્યાતીના મહાજન સમસ્તને સંસ્થાની વ્યવસ્થાને તાબે લેવા વીનંતી કરી એક ભાષણ કરયું હતું. ત્યારબાદ 'સ્મશાન વીશ્રામ સ્થળ' ની વ્યવસ્થા રહેવા માટે પંચની નીમણુંક થઇ હતી તેમાં પોતાની હયાતી સુધી મી૦ ગોપાળજી અધ્યક્ષ (તેમની હયાતી બાદ તેમના વંશમાં વંશપરંપરા વડો હોય તે) અને એક વરસને માટે રા૦ લક્ષ્મણ હરજીવન અધ્યક્ષ, રા૦ ગોવીંદ વામન ફાટક ડાકટર, રા૦ બળવંત હરી નાથણે રા૦ જયદેવ ગોપાળ માવલે, અને શીવરાજ મેઘરાજની પંચ તરીકે નીમણુંક થઇ હતી. અને તેમને સરવ વ્યવસ્થા સોંપાઇ હતી તે 'વીશ્રામ, સ્થળ' ને લગતો એક લાઇબ્રેરી હોલ મી૦ ગોપા

ળજી તરફથી કાઢવામાં આવ્યો છે. તેમાં મુંબઇના રહીશ પરોપકારી ગ્રહસ્થ શ્રીમાન મી૦ દામોદરદાસ ગોરધનદાસ સુખડવાળાએ પુસ્તકોની ઠીક સંખ્યા ભેટ તરીકે આપેલી છે 'સ્મશાન વીશ્રામ સ્થળ' માં લાકડાંની વખારની, લાઇબ્રેરીની વગેરેની વ્યવસ્થા ચલાવવામાં કાંઇ બાધ ન આવે માટે પંચ તરફથી એક ફંડ ખુલ્લુ મુકયું છે. તેમાં હાલ નીચે મુજબ રકમો ભરાઇ છેઃ—રૂ ૫૧) મી૦ ગોપાળજી અર્દાયા, રૂ ૨૦) દક્ષણી બ્રાહ્મણ મંડળી તરફથી, રૂ ૬૧) દાહાણુંના લુહાણાની ન્યાતસમસ્ત, રૂ ૫૧) કાયસ્થ પ્રભુની ન્યાત તરફથી, ૫) વીશા ઓસવાળ ન્યાત તરફથી, રૂ ૩) માવસે કુટુંબ તરફથી તે ઉપરાંત બાકી રહેલી હીંદુ ન્યાતી ફંડમાં ઉમેરો થનાર છે, બાદ સભામાં કેટલીક ચરચા થયા બાદ સભા વીસરજન થઇ હતી.

મુંબઇ સમાચાર તા. ૩૧ ઓગષ્ટ ૧૯૧૦

દાહાણું સ્મશાન વીશ્રામ સ્થળ:

એક ગ્રહસ્થ લખી જણાવે છે કે, દાહાણું ગામની હીંદુ પ્રજા જેની જરૂરીયાત ધારતી હતી, અને જે સવાલ વરસો થયાં ઘોળાયાં કરતો હતો, તે દાહાણુના આગેવાન નૃહાણા ન્યાતીના અઢીયા કુટુંબના એક ગ્રહસ્થ રા૦ શેઠ ગોપાળજી ખીમજી અઢીયાએ પુરો પાડયો છે. શેઠ ગોપાળજી ખીમજી અઢીયા એક સહાસીક અને પરોપકારી નર છે એમનું જન્મચરીત્ર લખાય તો ઘણી બાબતોનો અનુભવ પ્રગટ થાય પરંતુ ટુંકમાં લખવાનું કે એક ગરીબ માત પીતાને ત્યાં જન્મ લઈ બાલ્યવસ્થામાં ત્રણ રૂપરડીની નોકરીથી વધી સ્વબળે ને સાહસવરૂતીથી વેપારમાં ઝીપલાવી તેઓ એ એક આગેવાન ગ્રહસ્થમાં પેતાની ગણત્રી કરાવી છે છપનીયાના દુષ્કાળ સમયે આખુ

વર્ષ એમણે આ તરફના અનાથ ગરીબોનુ અનદાન અને વસ્ત્રદાનથી પોષણ કરયું હતુ અને તે બદલ સરકાર તરફથી. એ ાને બદલો મળતો હતો તે પણ તેમણે સ્વીકાર્યો નહોતો લક્ષ્મીની સપુર્ણ કૃપા થઇ પુત્ર પરીવાર વીગેરે સર્વ રીતે સુખા ગણાવા લાગ્યા પરતુ મર્વ વાતે પ્રાણી માત્રને ઇશ્વર સુખે રહેવા દેતો નથી તેમ શેઠ ગોપાલજીને પણ થયુ અને ગયા સવત ૧૯૬૪ નાં વૈશાક શુદ ૯ ને દીને તેમના પુત્ર વીઠલ સ્વર્ગસ્થ થયા તેમને માટે આ ઘાતકારી ગણાય. પુત્ર વીઠલના સ્મરણાર્થે શું કરવુ એનો વીચાર કરી દાહાણુની પ્રજાને જે વાતની જરૂરીયાત જણાતી હતી તે 'સ્મશાન વીશ્રામ સ્થળ' બધાવ્યું તે પહેલા હીંદુ લોકો ટાઢ, તડકો ને વરસાદમાં અતીશય હેરાનગતી ભોગવતા હતા આ 'સ્મશાન વીશ્રામ સ્થળ' પુત્ર વીઠલના સ્મર્ણાર્થે સવત ૧૯૬૫ ના વઇશાક શુદ ૯ ને દીને

રૂ એ અઢી હજાર ખરચી જાહેરને માટે ખુલ્લુ મુકયું એટલુંજ નહી પણ ત્યાર બાદ લાકડાની વખાર ભરી રાખી તે સબંધીનું તમામ કામ આજ સુધી પોતાને ખરચે જાતી દેખરેખે ચલાવ્યું

ગઇ મીતી શ્રાવણ વદી ૬ ન દીને અત્રેના શ્રી લક્ષમીનારાયણના મંદીરમાં રા૦ રા૦ દીનકર સખારામ કરણીકના પ્રમુખપણા નીચે એક સભા શેઠ ગોપાળજી ખીમજીએ બોલાવી હતી. તેમાં દહાણુ ગામના હીંદુ ન્યાતીના તમામ લોકોએ હાજરી આપી હતી. શેઠ ગોપાળજીએ હીંદુ મહાજન સમક્ષ 'સ્મશાન વીશ્રામ સ્થળ,ની વ્યવસ્થા સંબંધે તમામ હકીકત કહી અને તેની વ્યવસ્થા કાયમ રહેવા માટે હીંદુ ન્યાતીમા મહાજન સમસ્તને વીનંતી કરી એક ભાપણ કર્યું હતું ભાષણ કરતાં કરતાં સ્વર્ગસ્થ પુત્ર વીઠલનું સ્મર્ણ થતાં શેઠ ગોપાળજીનો કંઠ રૂંધાઇ ગયો અને આખોમાંથી અશ્રુ-

ઓ વહેવા લાગ્યાં. પીતાને માટે પુત્રશોક બહુ દુઃખ દાયક છે. શેઠ ગોપાળજીનું અપુર્ણ ભાશણ તેમનાં બંધુ છોટાલાલે પુરૂં કરયું. ત્યારબાદ પરશરામ વામન ફાટકે, વાજબી રીતે શેઠ ગોપાળજીનાં કૃત્યને વખાણયું હતું અને શેઠ ગોપાળજીને થયેલા ખેદનું શાંત્વન કરતાં જણાવ્યું કે પ્રાણીમાત્રને માટે તે યાત્રા સરજેલીજ છે. કોઈ વહેનું કે કોઇ મોડું તે યાત્રાએ જવાનુંજ છે વગેરે.

ત્યારબાદ 'સ્મશાન વીશ્રામ સ્થળ'ની વ્યવસ્થા રહેવા માટે પંચની નીમણુક થઇ હતી તેમાં પોતાની હયાતી સુધી શેઠ ગોપાળજી ખીમજી અઢીયા (તેમની હયાતી બાદ તેમના વંશમાં વંશપરપરા વડો હોય તે) અને એક વરસ માટે રા. લક્ષમણ હરજીવન અઢીઆ, રા. ગોવીંદ વામન ફાટક ડાકટર, બળવંત હરી નાથણે, રા. જયદેવ ગોપાળ માવલે, અને શા. શીવરાજ મેઘરાજની પંચ તરીકે નીમણુંક થઇ

હતી. અને તેમને સર્વ વ્યવસ્થા સોંપાશી હતી. તે 'વીશ્રામ સ્થળ'ને લગતો એક લાઇબ્રેરી હોલ શેઠ ગોપાળજી તરફથી કાઢવામાં આવ્યો છે. તેમાં મુંબઇના રહીશ પરોપકારી ગ્રહસ્થ શ્રીમાન શેઠ દામોદર-દાસ ગોવરધનદાશ સુખડવાલાએ પુસ્તકોની ઠીક સંખયા ભેટ તરીકે આપેલી છે. 'સ્મશાન વીશ્રામ સ્થળમાં' લાકડાની વખારની, લાઇબ્રેરીની વગેરેની વ્યવસ્થા ચલાવવામાં કાંઇ બાધ ન આવે માટે પંચ તરફથી એક ફંડ ખુલ્લુ મુકાયું છે. તેમાં હાલ નીચે મુજબ રકમો ભરાઇ છે.

રૂ. ૫૧ શેઠ ગોપાળજી ખીમજી અઢીઆ, રૂ. ૬૧ દહાણુંના લુહાણાની ન્યાત સમસ્ત, રૂ. ૫૧ કાયસ્થ પ્રભુની નયાતી તરફથી. રૂ. ૨૫ વીશા ઓશવાલની નયાતી તરફથી, રૂ. ૨૦ દક્ષીણી બ્રાહમ્ણની મંડળી તરફથી રૂ. ૩ માવલે કુટુંબ તરફથી. તે ઉપરાંત બાકી રહેલ હીંદુ નયાતી તરફથી ફંડમાં

ઉમેરો થનાર છે. બાદ સભામાં કેટલીક ચર્ચા થયા બાદ સભા વીસર્જન લઇ હતી.

સાંજ વર્તમાન તા ૩૧ આગષ્ટ ૧૯૧૦

દહાણું સ્મશાન વિશ્રામ સ્થળ.

દાહાણું તા. ૨૯-૮-૧૦

દાહાણું ગાંમની હીંદુ પ્રજા જેની જરૂરીયાત ધારતી હતી અને સવાલ વરસો થયાં ધોળાયા કરતો હતો. તે દહાણુંના આગેવાન લુહાણા ન્યાતીના અઢીયા કુટુંબના એક ગ્રહસ્થ રા. શેઠ ગોપાળજી ખીમજી અઢીયાએ પુરો પડયો છે. શેઠ ગોપાલજી ખીમજી અઢિયા એક સાહસીક અને પરોપકારી નર છે. એમનું જન્મ ચરીત્ર લખાય તો ઘણી બાબતોનો અનુભવ પ્રગટ થાય, પરંતુ ટુંકમાં લખવાનું કે શેઠ ગરીબ માતા પીતાને ત્યાં જન્મ લઇ બાલ્યાવસ્થામાં ત્રણ રૂપરડીની નોકરીથી વધી સ્વબળે ને સાહસ

વૃત્તિથી વેપારમાં ઝીંપલાવી. તેઓએ એક આગેવાન ગૃહસ્થમાં પોતાની ગણત્રી કરાવી છે છપનીયાનાં દુષ્કાળ સમયે આખું વર્ષ એમણે આ તરફના અનાથ ગરીબોનું અન્નદાન અને વસ્ત્ર દાનથી પોષણ કર્યું હતું, અને તે બદલ સરકાર તરફથી એમને બદલો મલતો હતો, તે પણ તેમણે સ્વીકાર્યો ન હતો લક્ષ્મીની સંપુર્ણ કૃપા થઇ પુત્ર પરીવાર વીગેરે સર્વ રીતે સુખી ગણાવ્યા લાગ્યા પરંતુ સર્વ અતે પ્રાણી માત્રને ઇશ્વર સુખ રહેવા દેતો નથી શેઠ ગોમાળજીને પણ થયું. સંવત ૧૯૬૪ નાં વૈશાખ શુદ ૯ ને દીને તેમના પુત્ર વીઠલ સ્વર્ગસ્થ થયા તેમને માટે આઘાતકારી ગણાય, પુત્ર વીઠલના સ્મર્ણાર્થે શું કરવું એનો વીચાર કરી દાહાણુની પ્રજાને જે વાતની જરૂરીયાત જણાતી હોતી તે 'સ્મશાન વિશ્રામ સ્થળ' બંધાવ્યું. તે પહેલા હીંદુ લોકો ટાહાડ તડકો ને વરસાદમાં અતિશય હેરાન-

ગતી ભોગવતા હતા. આ સ્મશાન વિશ્રામ સ્થળ પુત્ર વીઠલના સ્મર્ણાર્થે સંવત ૧૯૬૫ ના વૈશાખ શુદ ૯ ને દીને રૂપીયા બે થી અઢી હજાર ખરચી જાહેરને માટે ખુલ્લુ મુકયું એટલુંજ નહીં પણ ત્યાર બાદ સર્પણની વખાર ભરી રાખી તે સંબંધીનુ તમાંમ કામ આજ આજસુધી પોતાને ખરચે જાતિ દેખરેખે ચલાવ્યું.

ગઇ મીતિ શ્રાવણ વદ ૬ ને દીને અત્રેના શ્રી લક્ષમી નારાયણના મંદીરમાં રા૦ રા૦ દીનકર સખારામ કરણીકના પ્રમુખપણા નીચે એક સભા શેઠ ગોપાલજીએ બોલાવી હતી. તેમાં દાહાણું ગામના હીંદુ ન્યાતીના તમામ લોકોએ હાજરી આપી હતી. શેઠ ગોપાલજીએ હીંદુ મેહાજન સમક્ષ સ્મશાન વીશ્રાંમ સ્થળની વ્યવસ્થા સંબંધે તમામ હકીકત કહી અને તેની વ્યવસ્થા ચીરકાલ રહેવાને માટે હીંદુ જ્ઞાતીના મહાજન સમક્ષ સ્મશાન વિશ્રાંતી

સ્થળની વ્યવસ્થાનો તાબો લેવા વીનંતી કરી ભાષણ કરતાં સ્વર્ગસ્થ પુત્ર વીઠલનું સ્મરણ આવતાં ગોપાલજીનો કંઠ રૂંધાઇ ગયો અને આંખોમાંથી અશ-રૂઓ વેહેવા લાગ્યાં પીતાને માટે પુત્ર શોક બહુ દુઃખદાઇ છે. શેઠ ગોપાળજીનું અપુર્ણ ભાષણ તેમના બંધુ છોટાલાલે પુરૂં કરયું ત્યારબાદ પરશરામ વામન ફાટકે વાજબી રીતે શેઠ ગોપાલજીના કૃત્યનો વખાણ્યું કે પ્રાણી માત્રને માટે તે યાત્રા શરજેલીંજ છે. કોઇ વહેલું કે મોડું તે યાત્રાએ જવાનુંજ છે વગેરે

ત્યારબાદ 'સ્મશાન વિશ્રામ સ્થળ' ની વ્યવસ્થા રહેવા માટે પંચની નીમણુક થઇ હતી, તેમાં પોતાની હયાતી સુધી શેઠ ગોપાળજી ખીમજી અઢીઆ (તેમની હયાતી બાદ તેમના વંશમાં વશપરંપરા વડો હોય તે) અને એક વર્ષ માટે રા. લક્ષમણ હરજીવન અઢીઆ, રા- ગોવીંદ વામન ફાટક ડાકટર

શા. બળવંત હરી નાચણે. રા૦ જયદેવ ગોપાળ માવળે અને શા. શીવરાજ મેઘરાજ ની પંચ તરી નીમણુંક થઇ હતી અને તેમને સર્વ વ્યવસ્થા સોંપાણી હતી તે વીશ્રામ સ્થળને લગતો એક લાયબ્રેરી હોલ શેઠ ગોપાલજી તરફથી કાડવામાં આવ્યે-છે તેમા મુંબઇના રહીશ પરોપકારી ગૃહસ્થ શ્રીમાન શેઠ દામોદરદાસ ગોરધનદાસ સુખડવાળાએ પુસ્તકોની ઠીક સંખ્યા ભેટ તરીકે આપેલી છે. સ્મશાન વીશ્રામ સ્થળ' માં લાકડાંની વખારની, લાઇબ્રેરી વીગેરેની વ્યવસ્થા ચલાવવામાં કાંઇ બાધ ન આવે માટે પંચ તરફથી એક ફંડ ખુલ્લું મુકયું છે તેમા હાલ નીચે મુજબ રકમો ભરાણી છે.

રૂ. ૫૧) શેઠ ગોપાળજી ખીમજી અઢીઆ.
૬૧) દાહાણુ લુહાણાની ન્યાત સમસ્ત.
૨૫) વીસા ઓશવાળ ન્યાતી તરફથી.
૫૧) કાયસ્થ પ્રભુની ન્યાતી તરફથી.

૨૦) દક્ષણી બ્રાહ્મણ મંડલી તરફથી.

૩) માવજો કુટુંબ તરફથી.

એ ઉપરાંત બાકી રહેલ હીંદુ ન્યાતી તરફથી ફંડમાં ઉમેરો થનાર છે. બાદ સભામાં કેટલીક ચર્ચા થયા બાદ સભા વીસર્જન થઇ હતી.

લુહાણા સમાચાર તા. ૯ સપ્ટેમ્બર સન ૧૯૧૦

દાહાણું સ્મશાન વિશ્રામ સ્થળ.

સમસ્ત હીંદુના આગેવાનોને એકત્ર કરીને આ સંસ્થાની વ્યવસ્થાનો તાબો હીંદુ મહાજનને શોંપ્યો હતો તે પછી તે સંસ્થાની વ્યવસ્થાપક કમીટીની એક શભા શેઠ ગોપાલજી ભીમજી અઢીયા એ બંધાવેલી "નવી" કાપડની" દુકાનમાં તા. ૧૫-૧૧-૧૯૧૦ દીને શાંજના થઇ હતી તે શભામાં થયેલા કામોમાં મુખ્ય કામો જેવાં કે ખજીનદાર તરીકે શેઠ ગોપાલ-

જીની નીમણુંક થઇ હતી પોત પોતાની ન્યાતવાર રકમો વસુલ કરી ખજીનદાર ને શોંપવી ખજીનદારે સ્મશાન વીશ્રામ સ્થળ એ નામનું ખાતું રાખી આપ લે નો વ્યવહાર કરવો સ્મશાન ગૃહના મકાનની કુંચી વ્યવસ્થાપક કમેટીનાં એક મેમ્બર ડાક્ટર ગોવીંદ વામન ફાટક ને આપવીને શરપણુનો તમામ હીશાબ મણે રાખવો. પાસબુક પોંહોંચ બુક રબર સ્ટાંપ બાકડા, ખુરસીઓ, દીવા, કબાટ વગેરે શામાન લાવી આપવાનુ કામ લક્ષ્મણ હરજીવન અઢીયા ને શોંપાણું છે. અને મકાનની દુરસ્તી વગેરે કામ ખજીનદારની દેખરેખમાં સોંપાયુ વગેરે કામ થયાં હતાં.

આ સ્મશાન વીશ્રામ સ્થળ ને આજ દીને શુધી મલેલી મદત નીચે મુજબ છે. અગાડી ભરાએલી રકમો. આગળ આવી ગઇ છે તે પછી ભરાએલી રકમો

૧૧) પ્રેમજી લક્ષમણ પોંદા તરફથી સર્પણ ફંડમાં તેમની સ્વર્ગસ્થ પુત્રી ઇચ્છાલક્ષ્મીના સ્મર્ણાર્થે. રૂ (૧૧) ગોપાલજી ગીરધર પજવાણી તરફથી તેમની સ્વર્ગસ્થ પુત્રી ચતુર લક્ષ્મીના સ્મર્ણાર્થે તેમાં પુસ્તકાલયમાં રૂ ૬ છ અને સર્પણ ફંડમાં રૂ ૫ પાંચ રૂ. ૧૫ શેઠ ગોપાલજી ખીમજી અઢીયા તરફથી તેમની સ્વર્ગસ્થ પુત્રવધુ ચતુર લક્ષ્મીના સ્મર્ણાર્થે રૂ. ૧૫ા શવાપંદરનાં પુસ્તકો જેવાં કે ચંદ્રકાન્તના ભાગ ૩ અને યોગવશીષ્ટના ભાગ ૨ ઉપર મુજબ રકમો ભરાણી છે આ ફંડ સમસ્ત હીંદુઓનેમાટે ખુલ્લું છે.

પ્રકરણ ૧૭ મું.

સુરજ બેનનો અથાગ વૈરાગ પરમાત્મા પ્રત્યે પ્રીતી અને વીદવત્તા.

સુરજ બેહેન એક જે શુશીલ બાળક છે તેને માથે અચાનક ઘોર વાદળ આવી પડવાથી પોતાને સંસાર તદન ખારો લાગ્યો અને તેથી પોતે

વૈરાગ્ય સ્વરૂપ ધારણ કરી આખો દીવશ પુજા પાઠ તથા ગીતા વાંચવામાં પોતાનો કાળ વ્યતીત કરે છે. અને આજકાલની ઉછરતી વીધવા બાળઓ પુંનર લગ્ન ને એ કે અવાજે ચાહે છે તેના ઉપર દાખલો બેશાડે છે બેહેન જો કે ગુજરાતી અને શંસ્કૃતનુ શારૂં જ્ઞાન ધરાવે છે. તથા ઇંગરેજીનું પણ શાધારણ જ્ઞાન છે. આવાં વીદ્વાન બેહેનને પરમાત્મા સદા સદ્બુદ્ધી આપે. એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

પ્રકરણ ૧૮ મું.

શેઠજીનું બે સ્ત્રી છતાં શુખી કુટુંબ, નંદુ બેનની ઉદારતા, શહન શીલતા, નાથી બેનની ઉદારતા અને શેઠજીને વીદ્વાનોને શહવાશ.

સંવત ૧૯૬૨ ની શાલ શુધી શેઠજીનું કુટુંબ એકજસાથે એકજ ઘરમાં રહેતું હતું પણ તો

શાલમાં નંદુબેનને પોતે અથાગ ઉદારતા બતાવી શહનશીલતા જણાવી પોતાનાં પુત્રોપુત્રી સાથે એક સાધારણ ઘરમાં રહેવા ગયાં અને ત્યારબાદ બીજાજ વરશમાં એક બંગલો બંધાવી તેમાં રેહેવા લાગ્યાં અને સેઠજીને ઉદારતાથી જણાવ્યું કે આપ ત્યાંજ હો કારણ કે નાથી બેનની ઉમરનાની છે. આવીજ શહનશીલતા ઉપર નંદુ બેનને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડોજ છે તેવીજ રીતે નાથી બેહેનને પણ તેટલાજ ધન્યવાદને પાત્ર છે. કે જુદા રહયાં છતાં નંદુ બેહેનને એક મોટી બેનગણી બીલ કુલ જુદાઇ નહી સમજતાં એક શગી બેહેન જેટલો સંબંધ છે તે જાણી મને અજબ થવાય છે. કારણ કે, બે સ્ત્રીનો પતી કોઇ દીવસ શુખી હોતો નથી છતાં આ કુટુંબ જોઇ મને અત્યાનંદ થાય છે. અને શેઠજી પોતે મોહોટા મોટા વીદવાનો જેવા કે મુલજીભાઇ આશારામ ઓઝા માલીક મોરબી

આર્ય સુબોધ નાટક મંડલી, ચાંપશી ભીમજી લાકડા-
વાલા રહેવાસી કચ્છ માતાજીના નેત રાવાલા રતી-
રામ મોતી-રામ નાગર રજીષ્ટનાતેત સુરત ત્રીભોવદાશ
ખુશાલદાશ પોપટના શહવાશમાં આવેલા હોવાને લીધે
પોતે એક વીદવાન છે તેથી તેમને પણ બધીબાજુ
શરબીજ છે અને દરેક ઉપર પોતે સમદ્રષ્ટીથી જુવે છે

પ્રકરણ ૯ મું.

ઉપસંહાર અને લેખકનાં ઉદગારો

શેઠજીની ઉદારતા તરફ અને શહનશીલતાનો
એક નજીવો દાખલો આજગ્યા એ મુકવાને હું
વીશરતો નથી. શેઠજીને ત્યાં હાલ કેટલાક નોકરો છે
તેમાં કેટલા લાંબા વખતથી છે તે નીચેના બાબદ
ઉપરથી જણાશે દુબળા ઢરકા શુકર જે નોકર
છે ૧૮ વરસથી ઘરમા છે ઠકર નારાયણજી જેઠા-
ભાઇ મેહતા રેહેવાશી હાલાણુ આશરે વષ ૧૭ થી છે.
રાo ગોવીંદરાવ શામરાવ ચૌબલ કાયસ્થ પ્રભુ એ

પણ શેઠજીમાં સામટા બંદરમાં લાકડાના વેપારને ઠકાણે આશરે વગશ ૧૭ થી છે. ભટ જે શંકર કામેસ્વર અવદીચ શહસ્ત્ર બ્રામ્હણ રેવાસી ગામ શાણોદર જીલે કાડીઆવાડ વરશ ૧૬ થી છે ભટ અમરૂતલાલ અવલેશ્વર અવદીચ શહસ્ત્રબ્રામ્હણ રેવાસી ગાંમ શાણોદર જીલે ભાવનગર આશરે વરશ ૮ થી છે.

મીયાં અહંમદ આદમજી પટેલ રેહેવાસી દાહાણું આશરે વરશ ૨૮ થી છે. મીયાં ઉસ્માન ઇબ્રામજી પટેલ રેહેવાશી દાહાણું આશરે વરશ ૨૬ થી છે આવી રીતે જુના નોકરો ઘણી લાંબી મુદત ટકયા તે પણ શેઠજીની શહનશીલના ને ઉદારતાનો ઉત્તમ દાખલો છે.

બંધુપ્રેમ

સંવત ૧૯૩૧ ની સાલમાં પોતાના નાનાભાઇ છોટાલાલ પોતાથી જુદા હતા. તોપણ એમના ઉપર પોતાની ઘણીજ પ્રીતી હોવાથી પોતે સાથે રાખી વેપાર શુરૂ કર્યો સંવત ૧૯૩૬ ના માહામાશમાં

ધરમપુર નીવાશી ઠક્કર દુલભ ભવાનની પુત્રી અ૦ સૌ૦ (દેવકોર સાથે) લગ્ન ધામધુમથી કરયાં. ત્યાર-બાદ છોટાલાલની પુત્રી અ૦ સૌ૦ ચી૦ રાધા બેહે-નનાં શુભલગ્ન સંવત ૧૯૫૨. નાં વૈશાક માશમાં ઉમરગાંવ નીવાસી શેઠ વનમાલીદાશ ભાણાભાઇના પુત્ર મી૦ નંદલાલ સાથે થયાં તે વખતે પોતાની પુત્રીનાં માની સારી ધામધુમથી બંધુપ્રેમ દર્શાવી લગ્ન કરી વેહવાઇને રાજી થી વીદાય કર્યાં—બાદ છોટા. લાલને પુત્ર સંતતી નહીં હોવાથી પોતે પોતાના ભાઇને આગ્રહ કરી પાછા લગ્ન સંવત ૧૯૬૪ નાં કાર્તીક માસમાં ભાવનગર નીવાસી. ઠક્કર ગોવીંદજી જેઠાની પુત્રી સૌ માહાલક્ષ્મી સાથે મુંબઇમાં કર્યાં બાદ સંવત ૧૯૫૬ ની સાલમાં સલાહ સંપથી રાજી ખુશાથી કોઇપણ નહી જાણે તેવીરીતે છુટા થયા. બાદ બેઉ ભાઇઓને પ્રેમ હજી જેઓને તેવોજ છે તેમજ છોટાલાલભાઇ એ પણ સંવત ૧૯૫૭ ની

સાલથી સ્વતંત્ર વેપાર કરી સારી કીર્તી મેળવી છે. હજી પણ વેપારમાં અગર કોઇપણ સંસારી બાબતમાં એક બીજાની સલાહ સંપથી વર્તે છે. એ એક ઉત્તમ નમુનો લેવા જેવો પ્રેમ છે.

શેઠજીના મોટા પુત્ર કૃષ્ણલાલ તથા મણીલાલ બન્ને જો કે નંદુબેનના ભેગા રહે છે. પરંતુ તેમની પિતૃભક્તી ઘણા અવર્ણનીય છે. નાથી બેનને પણ માતુશ્રી તુલ્ય ગણે છે શેઠજીની બન્ને દુકાનનો વહીવાટ ઘણોજ કાલજી પુર્વક કરે છે અને અજાણ્યો માણુસ કોઇ દીવસ એમ નહી કહી શકે કે. આ લોકોમાં અંણબનાવકે કજીઆ છે. આ બીના જો કે વખાણવા પાત્ર છે.

નાનાપુત્ર પ્રાણજીવનભાઇ કે જે હાલ બાલક છે પરંતુ પુત્રના લક્ષણ પારણામાં જણાય છે તે મુજબ ચલાક અને હોશયાર જણાય છે. જો કે તે વિસેશ લાડમાં ઉછરે છે પરંતુ આગળ જતાં ને

એક.બારોશ નર થશે તેની વયના પ્રમાણમાં પિતાશ્રી, માતાજી તથા બેન સુરજ ઉપર ઘણોજ ભાવ રાખે છે, તે કરતાં પણ મોટાભાઇઓ ઉપર વિશેશ રાખે છે,

પિતામાતાની સેવા એજ તીર્થ છે તેને ખરો દાખલો આ ઘરમાં છે ને જેવીરીતે રામચંદ્રજી હતા અને પોતાની માતુશ્રી કરતાં બીજી માતુશ્રીઓ ઉપર વિશેશ ભાવ રાખતા હતા તેવીજરીતે આપણે પણ તેનાજ વંશના છીએ તો તે પ્રમાણે વર્તવું જોઇએ તે મુજબ આ કુટુંબમાં છે તે જાણી આ[illegible]વાય છે.

[illegible]ઠજીની ઉદારતા બહોળી અને વિશેશ છે. આ બાબદની માહીતી જોઇએ તેવી મલી શકી નહીં કારણકે તેઓ પોતે કહેતા નથી પરંતુ તપાસ કરતાં તે ઉદારના જો લખવા બેશીએ તો મોટુ પુસ્તક ભરાય તેવા શેઠ ઉદાર છે અને માબાપ તેવાં છોકરા તે મુજબ આખું કુટુંબ પણ તેવુંજ ઉદાર છે.

શેઠજીએ પોતાનું રહેવાનું ભવ્ય મકાન સંવત ૧૯૪૧ ની શાલમાં બંધાવ્યું તે બાદ ભાઇ કૃષ્ણલાલ તથા તેમની માતુશ્રી ને રહેવાનું મકાન સંવત ૧૯૫૨ ની સાલમાં બંધાવ્યું, નવી કાપડની દુકાન સંવત ૧૯૬૬, દાહાણું સ્ટેશન નજીકની ચાલ સંવત ૧૯૫૬, સામટા બંદરનું મકાન સંવત ૧૯૬૧ માં બંધાવ્યાં. આવી રીતે ભવ્ય મકાનો શેઠજી એ બંધાવેલાં છે.

આ રીતે શેઠજીનું કુટુંબ સરવે પ્રકારે સુખી અને આનંદમાં દીવસો નિરગમન કરે છે શેઠજીના બહોલા કુટુંબમાં હાલ શેઠજી સરવે પ્રકારે સુખી છે શેઠજીનાં બે પત્ની, ત્રણ પુત્ર ચાર પુત્રી, કૃષ્ણલાલને પુત્રી, મણીભાઇને પુત્ર, અને પુત્રી નર્મદાબેહેનને પુત્રી, છોટાલાલ ભાઇને બે પુત્રી વગેરે સુખી વૈભવમાં આનંદ કરે છે અને છેવટે લેખક પરમાત્માપાસે પ્રાર્થના કરે છે કે આ કુટુંબને સદા સર્વદા સુખી રાખે અને લોક ઉપયોગી કાર્યમાં સદા પ્રવર્તે એવી પાર્થના છે. ઓરૂમ શાન્તી શાન્તી શાન્તી—

મફત મફત મફત

દાહાણું નિવાસી શેઠ ગોપાળજી ખીમજી અઢીયાનું જીવન વૃતાંત લુહાણા બંધુઓને અનુકરણ કરવા લાયક, ફક્ત એક પોસ્ટકાર્ડ ઉપર પોતાનું નામ ઠામ લખી મંગાવો.

સીલક હશે ત્યાં સુધી મળશે.

લુહાણા હીતેચ્છુ ઓફીસ.

વડનગર (ગુજરાત)

ચોધરી પ્રેસ.
યુનીયન સ્ટ્રીટ,
મુંબઈ નં૦ ૯.